

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*વિકાસની માળા ફેરવતાં ત્રેપન થયાં!*
*તોય આદર્શ નગરનાં ન દર્શન થયાં!*
*- મળ્યા નગરને આ ગૂલાંટબાજ મેયર!*
*ખાલી તિજોરી એ દંભના પ્રદર્શન થયાં*
*(નગરને જન્મદિવસ મુબારક!)*

### હાઈકુ

*લ્યો કરી નાખ્યું -*
*નગર ઢોરવાડો -*
*દૈ દીધી છૂટ...*
*(હવે નહીં પકડે!)*

*કરી નાખ્યો છે*
*ઠેર ઠેર કચરો -*
*ભીનો ને સૂકો,*
*(નગરમાં ગંદકી)*

### ચિંતન

*જ્ઞાને ચ ત્રિવિધે જ્ઞેયે ક્રમેણ વિદિર્તે સ્વયમ્ ।*
*સર્વજ્ઞતા હિ સર્વત્ર ભવતીહ મહાધિયઃ ॥*

**ઉપરોક્ત શ્લોક માંડૂક્યોપનિષદમાંથી લેવામાં આવેલ છે.**

**જ્ઞાન અને ત્રિવિધ જ્ઞેયને ક્રમશઃ જાણી લીધા પછી, મહાબુદ્ધિશાળી ને સ્વયં અહીં સર્વત્ર સર્વજ્ઞતા પ્રાપ્ત થઈ જાય છે.**

**ઉપરોક્ત 'જ્ઞાન' અને ત્રિવિધ સ્વસ્થારૂપી 'જ્ઞેય' ને ક્રમશઃ જાણી લેવાથી અંતનો ગત્વા 'વિજ્ઞેય' ની પ્રાપ્તિ થાય છે. આપણે જોયું કે લૌકિક, શુદ્ધ લોકિક અને લોકોત્તર અવસ્થાઓનો જેના વડે બોધ થાય છે તે 'જ્ઞાન' છે. આ ત્રણ અવસ્થાઓ 'જ્ઞેય' છે.**

**જે સર્વરુપ 'જ્ઞ' (જ્ઞાની) હોય તેને 'સર્વજ્ઞ' કહે છે. જયારે ઉપરોક્ત ત્રણેય અવસ્થાઓ બરાબર સમજી લેવાય, ત્યારે એ સર્વ માંહે અનુસ્યૂત એવાં આતમતત્ત્વનો બોધ થઈ જાય છે. આમ તે જ્ઞાની સ્વયં સર્વજ્ઞ બને છે. મહાબુદ્ધિશાળીને આ રીતે સર્વત્ર સર્વજ્ઞતા ઉપલબ્ધ થાય છે. આવો 'સર્વજ્ઞ' પરમાર્થવેત્તા છે. જેના જ્ઞાનનો ઉદય કે અસ્ત થતો નથી.**

### સુવિચાર

- તારી અંદર જો નૂર છે કે નહીં? બોલ, એની જરૂર છે કે નહીં?,
  ભીંતરે અંધકાર લાગે તો, એમાં તારો કસૂર છે કે નહિં - **મહેશ દાવડકર**
- માટીના બંધનથી મુક્તિ એ વૃક્ષ માટે આઝાદી નથી - **ટાગોર**
- સપના આપણને ચૂપચાપ અને સલામત રીતે પાગલપણામાંસરી જવાની સવલત આપે છે - **વજુ કોટક**
- જો કુછ ભી મૈંને ખોયા હૈ, વહ મેરી નાદાની હૈ,
  જો કુછ ભી મૈંને પાયા હૈ, વહ રબ કી મેહરબાની હૈ - **ફીરદોસ દિવાન**
- સંબંધોની માયાજાળમાં એક સંબંધ લીમડા જેવો રાખવો,
  શિખામણ કડવી આપે પણ તકલીફમાં ઠંડો છાંયડો આપે - **અખંડ આનંદ**
- મહેનતનું ફળ સંસાર અને સમજણનું ફળ મોક્ષ - **આપ્ત સૂત્ર**
- આજનું ઔષધ : એલચીનો ભૂકો અને આમળાનું ચૂર્ણ સરખેભાઈ લઈ પાણી સાથે લેવાથી શરીરની બળતરા, પગના તળિયાની બળતરા મટે છે. **(સંકલન : દિપક વી. આશરા)**

### બોધકથા

લોકસેવા-જનસેવા એ જ સાચી પ્રભુ-ભક્તિ છે. આજના યુગમાં તો એ દીવો લઈ શોધવા જવું પડે એવું છે.

ભક્ત અબુનન સૌને સમાન ગણે, કોઈ મોહ નહિં. બસ માનવ માત્રની સેવા કરે. એકવા મધરાતે ઓરડામાં પ્રકાશ જોયો. મધરાતે જાણે ઓરડામાં સૂર્યનું અજવાળું જોઈ અબુનન જાગી ગયો. જોયું તો એક ખૂણામાં બેસીને દેવદૂત સોનેરી પુસ્તકમાં કંઈક લખી રહ્યાં હતા.

ભક્ત અબુબન દેવદૂતની નજીક ગયા અને પૂછ્યું, 'આપ આ સોનેરી પુસ્તકમાં શું લખી રહ્યા છો?? દેવદૂતે કહ્યું, 'આ પુસ્તકમાં ઈશ્વરના સાચા ચાહકોના નામ લખું છું. જે લોકો માનવમાત્રને મદદ કરે છે. નિઃસ્વાર્થ સેવા કરે છે એમના નામ એકઠાં કરું છું.' ભક્ત અબુનને નિખાલસ ભાવે પુછ્યું, 'શું આમાં મારું નામ લખ્યું છે ખરું??' દેવદૂત કહ્યું, 'ના' અબુનને કહ્યું, 'ઈશ્વરના ચાહક તરીકે મારું નામ ન લખ્યું હોય તો કોઈ વાંધો નથી. પરંતુ એટલું લખીલો કે અબુનન માનવ માત્રને હૃદયથી પ્રેમ કરે છે.'

એટલામાં દેવદૂત અદૃશ્ય થયો અને બીજી મધરાતે દેવદૂત ફરી અબુનનને મળવા આવ્યો અને પેલું સોનેરી પુસ્તક અનુબનને બતાવ્યું. ભકત અબુનનને જોયું કે અબુનનનું નામ સૌથી પહેલું લખાયેલું હતું. દેવદૂતે કહ્યું, 'જનસેવક એ જસાચો પ્રભુસ્વક છે. જનતાને પ્રેમ કર્યા વિના પ્રભુનો પ્રેમ મળતો નથી.'

# પહેલી જ વાર 'નોટા' નો કકળાટ

**તંત્રીસ્થાનેથી...**

મતાધિકાર ધરાવતા કોઈ પણ નાગરિકને ઉમેદવારો પૈકીની જ કોઈ એક વ્યક્તિને ફરજિયાત મત આપવાની આજ્ઞા કરવી તે લોકશાહીની મશ્કરી જ ગણાય. બની શકે કે ઉમેદવારી કરનાર વ્યક્તિઓ પૈકી મતદાતાને એક પણ માણસ મત આપવાલાયક ન લાગે. સવિશેષ આજે જયારે મની અને મસલ પાવર જેવી બાબતો હાવી થઈ ગઈ છે ત્યારે પોતાની પસંદગી કોના ઉપર ઢોળવી તેની મૂંઝવણ અનુભવતા મતદાતાને એ પૈકીનો એક પણ ઉમેદવાર પોતાના મત માટે લાયક ન લાગે તો એ 'નોટા'નો વિકલ્પ પસંદ કરી શકે, એવી વ્યવસ્થા ચૂંટણીપંચે કરી આપી છે. 'નોટા' શબ્દ None of the above 'ન ઑફ ધિ એબાઉ'- ઉપર પૈકીને એકેય નહીં - એવું અર્થઘટન ધરાવે છે. અર્થાત્ ઉપર જે ઉમેદવારોનાં નામ છપાયાં છે એ પૈકીનો એકેય નહીં - એવું અર્થઘટન ધરાવે છે. અર્થાત્ ઉપર જે ઉમેદવારોનાં નામ છપાયા છે એ પૈકી કોઈ ને પણ હું મારા મત માટે લાયક ગણતો નથી, એવું કડવું સત્ય 'નોટા' નું બટન દબાવીને વ્યક્ત કરી શકાય છે. મતદાતાને મળેલો આ મૂળભૂત અધિકાર છે. સરકાર કદાચ ફરજિયાત મતદાનનો કાયદો લાવે તો પણ આ 'નોટા'ની ઢાલ મતદાતા માટે આશીર્વાદરુપ નીવડે એવી છે. વિધાનસભા અને લોકસભામાં 'નોટા'નો સફળતાપૂર્વક વિનિયોગ થઈ ચૂક્યો હોય તો રાજયસભાની ચૂંટણીમાં કેમ નહીં? ૨૦૧૫ પછી જેટલી રાજયસભાની બેઠકોની ચૂંટણી યોજાઈ છે એમાં ચૂંટણી પંચે 'નોટા'નું વધારાનું બટન રાખ્યું હતું. પરંતુ ગુજરાતમાં આગામી ૮ ઓગસ્ટના રોજ યોજાનારી રાજયસભાની ચૂંટણીમાં 'નોટા'નો વિકલ્પ આપવા મુદ્દે કોંગ્રેસ પાર્ટી તરફથી એના દંડક શૈલેષ પરમારે સુપ્રીમ કોર્ટમાં દાદ માગી હતી. એનું કારણ એ કે કોંગ્રેસના વરિષ્ઠ નેતા અહમદ પટેલની બેઠક આ વખતે જોખમમાં આવી પડી છે. કોંગ્રેસના ધારાસભ્યો પૈકી કેટલાકે વિધાનસભાના અધ્યક્ષને મળીને રાજીનામાં આપી દીધાં એ પછી બાકીનાઓને સાગમટે ગુજરાત બહાર બેંગલુરુના રિસોર્ટમાં સુરક્ષિત રૂખાયા છે. હવે જો એ પૈકીના કોઈ 'નોટા' નો ઉપયોગ કરે તો કોંગ્રેસની મહેનત માથે પડે અને અહમદ પટેલ જેવા વરિષ્ઠ નેતાની જીતની બાજી હારમાં ફેરવાઈ જાય. સુપ્રીર કોર્ટના ન્યાયાધીશ દીપક મિશ્રાએ આ વાત બરાબર સમજી લઈને કોંગ્રેસના વકીલો સમક્ષ ટકોર પણ કરી કે તમને જયારે અનુકૂળ ન લાગ્યું ત્યારે જ તમે નોટાનો વિરોધ કરવા તૈયાર થયા છો. અગાઉ થયેલી ચૂંટણીઓ દરમિયાન કેમ કોઈએ આ મુદ્દો નહોતો ઉઠાવ્યો? વાત તો તદ્દન સાચી છે. પરંતુ કોંગ્રેસના પગલે પાછળથી ભાજપના પદાધિકારીઓએ પણ 'નોટા' નાબૂદ કરવાની રજૂઆત ચૂંટણીપંચ સમક્ષ કરી છે. આખરે રાજકારણીઓ પોતાની અનુકૂળતા જ જોતા હોય છે અને જયાં સ્વાર્થની વાત આવે ત્યાં એ સામસામે લડતા હોય તો પણ એક થઈ જતાં વાર નથી લગાડતા, તે આ ચૂંટણીમાં 'નોટા' મુદ્દે મચેલી બબાલે સાચું ઠેરવી બતાવ્યું છે. અલબત્ત, પાર્ટીઓ વ્હીપ આપતી હોય ત્યારે 'નોટા' કેટલો કારગર વિકલ્પ છે, તે હવે બંધારણીય પીઠ જ નક્કી કરશે.

# સર્વોચ્ચ ધ્યેય હાંસલ કરવા બાબતે મહાત્મા ગાંધીના વિચાર



**ગાંધી ૧૦૦**
ડો. રાજેન્દ્ર જાની

ગાંધીજી એવા સમાજવ્યવસ્થાની જરૂરિયાત પર ખાસ ભાર મૂકતા કે જે દરેક માણસને પોતાના જીવનનું સર્વોચ્ચ ધ્યેય પ્રાપ્ત કરી શકે. પરંતુ જીવનનું આ ઉચ્ચત્તમ ધ્યેય હાંસલ કરવામાં એવા જ ધ્યેયની પાછળ બીજાઓના માર્ગમાં અડચણરૂપ બન્યા સિવાય પ્રાપ્ત કરવાના પ્રયાસો હોવા જોઈએ એવી સાદી સમજ તેનાં સમાયેલી હતી. ગાંધીનો વિચાર હોય એટલે સ્વાભાવિક છે કે દૂધમાં જેમ સાકર ભળી હોય તેમ વિચારમાં સત્યનો વિચાર સહજ હોવો જોઈએ.

> **ગાંધીજીએ જન્મ, સંપત્તિ કે ધંધાના કારણે આપોઆપ મળતા દરજ્જાનો હંમેશા વિરોધ કર્યો છે**

વ્યક્તિનું સર્વોચ્ચ શ્રેય હોય કે સમાજનું સર્વોચ્ચ શ્રેય હોય પરંતુ ગાંધીજીની કલ્પનાની સમાજવ્યવસ્થા સત્ય અને અહિંસાના પાયા પર રચાયેલી હોવી જોઈએ. એ સિદ્ધાંત તમામ બાબતોમાં સંકળાયેલી હતી. સત્ય અને અહિંસાનો ગાંધી સિદ્ધાંત સ્વીકાર કરીએ તો તેમાંથી ઉદ્ભવતા આનુષાંગિક અન્ય સિદ્ધાંતને પણ વિચારવો જોઈએ. આ ઉપસિદ્ધાંતોનો સાર એ જ રહે કે જે ગાંધી વિચારનું સીધું પ્રતિબિંબ ઝીલતો હોય.

ભારતીય સામાજિક વ્યવસ્થા આર્થિક, સામાજિક, રાજકીય તેમજ ધાર્મિક વગેરે સઘળા પ્રકારના શોષણથી મુકત હોવી જોઈએ. ગાંધીજી જયારે શોષણ વિહિન સમાજરચનાની વાત કરે છે ત્યારે મોટા ગજાના અર્થશાસ્ત્રી કાર્લ માર્ક્સની શોષણ વિહીન સમાજરચના કોઈ પણ પ્રકારના આત્યંતિક સંઘર્ષ વિના આવે જ નહીં. માર્ક્સ તો વર્ગ સંઘર્ષમાં લોહીયાળ કે શસ્ત્ર ઉઠાવવાની વાત રે છે ને એ રીતે દુનિયાના ઘણા તજજ્ઞો તેમને ક્રાંતિકારી સમાજવિજ્ઞાની તરીકે ઓળખાવે છે પણ ગાંધી શોષણ મુક્ત સમાજ એ સમાજવ્યવસ્થાની પાયાની શરત હોવાનું ગણતા હોવા છતાં કોઈ પણ આદર્શ વ્યવસ્થા માટે પણ હિંસાને સ્વીકૃત કરતાં જ ન હતા. માર્કસે દર્શાવેલા Have અને Have not ના પ્રશ્નો પણ તેમણે સત્ય અને અહિંસાના માધ્યમથી જ ઉકેલવા પર જ ધ્યાન આપ્યું હતું. માર્કસ અને મહાત્માના વિચારમાં આ રીતે હિમાલયજેટલું અંતર હતું.

આચાર્ય કૃપાલાનીના મત અનુસાર જયાં પણ શોષણ હોય છે ત્યાં માણસનું આધ્યાત્મિક ગૌરવ હણાય છે અને તે પોતે સ્વતઃ સાધક નહીં પણ કેવળ સાધન બની જાય છે. માર્કસ આ આખી પરિસ્થિતિને સામાજિક વિમુખતા (એલિયેનેશન થિયરી) ગણાવે છે. ગાંધીજી મજૂરો અથવા કામદારોનો વર્ગરહિત સમાજ કલ્પે છે તેમાં કામચોર કે આળસુ અને પરોપજીવીને તેઓ સ્થાન આપતા નથી. નૈતિક બળના સહારે દરેક તેમને સોંપોયલું કામ કરવું જોઈએ એમ તેઓ સ્પષ્ટ હતા. ગાંધીજી સામાજિક વ્યવસ્થાની વિચારણામાં સમાજનું આર્થિક અને સામાજિક ચણતર વિકેન્દ્રીત ઉદ્યોગો અને ખેતી પર કરવા માગતા હતા. આ બંને ઉદ્યોગોમાં સહકારનો પાયો મજબૂત રહે એથી મર્યાદિત ખાનગી મિલ્કતને ધોરણે ચાલતા ગૃહ અને ગ્રામઉદ્યોગોની તેઓ હિમાયત કરે છે. તો ખેતી ક્ષેત્રે પણ મોટી જવાબદારીનો પણ તેઓ વિરોધ કરતા હતા. કોઈ પણ પ્રકારના શરીરશ્રમને તેઓ નીચો કે હિન ગણતા ન હતા. તેમને મન હરેક પ્રકારનું કામ ગૌરવશાળી અને પવિત્ર છે. નીચામાં નીચા પ્રકારનું ગણાતું કામ વ્યક્તિએ પોતાના માટે અને જરૂરપ પડે બીજા માટે પણ કરવું એ ગૌરવશાળી છે એમ માનતા હતા.

ગાંધીજીના કોઈ પણ કામ કરવા માટેની તત્પરતા વ્યક્તિમાં હોવી જોઈએ એવા વિચાર પાછળ જ્ઞાતિગત દરજ્જાઓની આખી કોટીક્રમિટ વ્યવસ્થા દૂર કરવાનો વિચાર સમાયેલો હતો. મનુષ્યને તે જે જ્ઞાતિમાં જન્મ્યો હોય તે જ્ઞાતિના સભ્ય તરીકે મળતો આપોઆપ દરજ્જો અને એ દરજ્જાના કારણે ઉચ્ચ જ્ઞાતિના ફરજંદોને જે વિશે, સત્તા કે અધિકારો મળી જાય એની સામે વિરોધ હતો. ગાંધીજી જન્મના કારણે મળતા દરજ્જાના લાભાલાભો કે ગેરલાભોને જડમૂળથી ઉખેડી નાંખવાની હિમાયત કરતા હતા. ગાંધીજીએ તો જન્મથી, સંપત્તિ વડે કે ધંધાને ધોરણે રચાયેલા વર્ગો અને જ્ઞાતિઓના ચડતા ઉતરતા દરજ્જા (ક્રમ) પ્રત્યે ભારોભાર અણગમો સતત વ્યક્ત કર્યો હતો.

(લેખક સમાજશાસ્ત્રના અધ્યાપક છે.)

# કબૂતરોનું ઘૂ ઘૂ ઘૂ : કવિ મીનપિયાસીની મધુર સ્મૃતિ



**ક્ષણના ચણીબોર**
વી. એસ. ગઢવી

કબૂતરોનું ઘૂ ઘૂ ઘૂ
કોયલ કૂંજે કૂ કૂ કૂ
ને ભમરા ગુંજે ગૂં ગૂં ગૂં
ચકલા ઉંદર ચૂં ચૂં ચૂં ને
છછુંદરોનું છૂં છૂં છૂં
કૂજનમાં શી કકકાવારી ?
હું કુદરતને પૂછું છું :
ઘૂવડ સમા ઘૂઘવાટા કરતો
માનવ ઘૂરકે હું હું હું !
પરમેશ્વર તો પહેલું પૂછશે :
કોઇનું સુખદુઃખ પૂછ્યું તું ?
દર્દભરી દુનિયામાં જઇને
કોઇનું આંસુ લૂછ્યું તું ?
ગેં ગેં ફેં ફેં કરતા કહેશો :
હેં હેં હેં હેં ! શું શું શું ?
આ કબૂતરોનું ઘૂ ઘૂ ઘૂ.

સાહિત્ય જગતમાં આપણો સામાન્ય તથા સાર્વત્રિક અનુભવ છે કે કેટલીક કૃતિઓ અમર થવા સર્જાયેલી હોય છે. કાળના કપરા પ્રવાહમાં આવી રચનાઓ ઝાંખી પાંખી થતી નથી. કવિ હરિહર ભટ્ટની "એકજ દે ચીનગારી" ની કોઈ ઓળખ આપવી પડે ખરી ? "મંગલ મંદિર ખોલો દયામય !" કવિ નરસિંહરાવ દીવેટીયાની આ રચના કદી પણ વિસ્મૃત થાય ખરી ? આવીજ ઉપરની કવિ મીનપિયાસીની આ રચના અનેક સ્થળો અને પ્રસંગોએ બોલાતી રહે છે. જ્યારે અને જ્યાં આ કૃતિની પ્રસ્તુતિ થાય ત્યાં ભાવકોના મન પર એ કબજો જમાવે છે. અનેક સુંદર સર્જનોના કવિ જાણે કે આ એક રચના થકી જીવંત અને ઝીલાતા રહ્યા છે. સુંદર તથા આકર્ષક બાળકાવ્ય જેવી લાગતી આ રચના મોટો તથા અર્થસભર સંદેશ આપીને વિરમે છે. ફણીધરોની જેમ ફૂલ મારતા કાળા માથાના માનવીઓ તેમની આસપાસના ભાંડુઓની તકલીફો – વ્યથા તરફ જાગૃત જાગૃત અને સંવેદનશીલ છે ખરા ? જીવનમાં કોઈ સુકાર્ય ન થઈ શક્યું હોય તો કયામતના દિવસે ફક્ત હેં હેં હેં હેં ! શું શું શું ? કહીને ભોંઠા પડવા જેવું થશે. આ સંદર્ભમાં કવિ શ્રી ત્રાપજકરે લખ્યું છે તે પણ યાદ આવે છે :

સુકાણા હાડ પાડોશીના, બાળને મોંઢે તું
મુઠીચણ નાખતો જાજે રે..
મળ્યું છે તો આપતો જાજે રે..

વર્ષ ૨૦૦૦ ના માર્ચ મહીનામાં કવિ મીનપિયાસીએ ચિર વિદાય લીધી. કવિ સદેહે આપણી વચ્ચે ભલે નથી પરંતુ તેઓએ જે ભાતીગળ શબ્દ સાથીયા પૂર્યા છે તેના કારણે સદાકાળજીવંત તથા ધબકતા રહેવાના છે. કવિની સ્મૃતિ ફરી એક વખત ઓલ ઈન્ડીયા રેડીયો (અમદાવાદ કેન્દ્ર)ના એક સાહિત્ય વિષયક વાર્તાલાપના કાર્યક્રમમાં થઈ. કવિનું નામ દિનકરભાઈ. તેઓ પિતા કેશવલાલ તથા માતા મુક્તાબેનનું સંતાન. કવિનું જન્મસ્થળ સુરેન્દ્રનગર જિલ્લાનું ચુડા ગામ. કવિને વૈદકીય વ્યવસાય વારસામાં મળ્યો હતો. તેમના પિતા જાણીતા વૈદ્ય હતા. ગુજરાતના પ્રમાણમાં ઓછા જાણીતા એવા ખૂણે ખીલેલું આ પલાશનું ફૂલ મહોરી ઉઠ્યું અને તેના કાવ્યવૈભવે અનેક સાહિત્યરસીકોનું ધ્યાન ખેંચ્યું.

ઝાલાવાડ (સુરેન્દ્રનગર જિલ્લો) આમ તો સૂકો પ્રદેશ. જિલ્લાનો કેટલોક ભાગ કચ્છના નાના રણને અડીને આવેલો પ્રદેશ આવળ – બાવળ – કેર – બોરડીના આ મુલકને ઝાલાવાડના પનોતા પુત્ર કવિ તથા વૈદ્ય પ્રજારામ રાવળે બીરદાવતા લખ્યું છે :

આવળ બાવળ કેર બોરડી
સૂષ્ક રુક્ષ ચો ફરતી
આ ઝાલાવાડી ધરતી
અહીં ફૂલ કેવળ આવળના
અહીં નીર અધિકા મૃગજળના
પત્ર પુષ્પ પાણી વિણ કાયા
ઘોર ઉનાળે બળતી..
આ ઝાલાવાડી ધરતી.

કવિ મીનપિયાસીએ ઝાલાવાડની ઐતિહાસિક ભૂમિના ગૌરવમાં વૃધ્ધિ કરી છે. આધુનિક ગુજરાતી સાહિત્યના દિશાદર્શક કવિવર દલપતરામની પણ ઝાલાવાડ જન્મભૂમિ છે. આ ધરતીની સપાટી પર પાણી ખૂટે તો પણ ભૂતળમાં તો વહેતું જ હોય તેવી શ્રી દિલીપ રાણપુરાની વાત સાંભળવા અને સમજવા જેવી છે.

કવિ મીનપિયાસીને ખગોળદર્શન તથા પંખી દર્શનનો શોખ ઘણો. પંખીઓનું નિરીક્ષણ તેઓ સચોટ રીતે કરતા અને રૂપાળી સૃષ્ટિની ખૂબીઓ નોંધતા રહેતા હતા. રાજ્યના માહિતી વિભાગમાં જ્યારે કામ કરવાનું થયું ત્યારે કવિનું 'પંખીમેળો' પુસ્તક જોયું. કવિનું આ બાબતનું યોગદાન પણ ઉલ્લેખનીય છે. એજ રીતે આકાશદર્શન પણ કવિને ગમતો વિષય હતો. 'ખગોળની ખૂબીઓ' એ કવિની જાણીતી કૃતિ છે. કવિ હમેશા પ્રકૃતિની સુંદરતામાં જીવ્યા. પ્રકૃતિનો નિર્ભેળ આનંદ તેમણે આકંઠ માણ્યો. આથી કવિની વિવિધ રચનાઓમાં પ્રકૃતિ કાવ્યોની વિપુલતા છે. પ્રકૃતિનું સતત સૌંદર્યદર્શન કવિની વાણીમાં ઘૂંટાયું છે. કવિની જીવન તરફની સંવાદિતાનું મૂળ આ પ્રકૃતિવૈભવના દર્શનમાં રહેલું હોય તેમ લાગ્યા કરે છે. પ્રકૃતિ સાથેજ વહાલી જન્મભૂમિ ઝાલાવાડ તરફ કવિનો અદકેરો સ્નેહ કાવ્યધારા સ્વરૂપે પ્રગટીને ચોતરફ ફેલાયો છે.

ઝૂલ, ઝાલાવડ ઝૂલ !
વૈશાખમાં છો વરવો
તો યે અષાઢમાં અણમૂલ
હરિની હોય હથેળી
એવી ભોંયમાં ગરવા ગુલ
ડગલે ડગલે દેખીએ
એવા ગામડા હળવા ફૂલ
ખોળલો મીઠો ખૂંદતા છૈયાં
ધીંગી ઉડાડે ધૂળ..
ઝૂલ, ઝાલાવડ ઝૂલ !

કવિ ઝાલાવાડની ધરતીનું સંતાન છે. આથી ઝાલાવાડના સમગ્ર પ્રકૃતિ વિશ્વને કવિએ ઝીલ્યું છે.

રે, બાવળ બહુમૂલ ! કોઈની નજરે ફૂલ ચડે ના,
સહુ દેખે કાં શૂળ ! રે બાવળ બહુમૂલ !

બાવળની વાત કરે તો આ ધરતીનો કવિ આવળની વાત કર્યા સિવાય કેવી રીતે રહી શકે ?

લીલા મખમલિયા આવળને પાંદડે
પીળા પીળા ફૂલ જાય ઝોલે રે લોલ
આવી અડપલું કરતો જ્યાં વાયરો
હસી હસી મીઠડું ડોલે રે લોલ
હાલોને જાયેં સોનુ રે વીણવા
વગડે છાબું વેરી રે લોલ.

કવિ શ્રી રમેશ આચાર્યે મીનપિયાસીની એક રચનાનેજ ધ્યાનમાં રાખી કવિનું વ્યક્તિત્વ દર્શન સુપેરે કરાવ્યું છે :

મીન પિયાસી એટલે
ઝૂલતો ઝાલાવાડ
વૈશાખમાં વરવો તોયે
અષાઢમાં અણમૂલ.

ગુજરાતી કાવ્યગીરામાં કવિ મીનપિયાસીની રચનાઓ સદાયે લીલીછમ રહેવા સર્જાયેલી છે.

# ત્રિદલ સંસ્થા દ્વારા ગુજરાતી વિષયના પ્રતિભાવાન વિદ્યાર્થીઓ સન્માનાશે



**સાહિત્ય વૃત્ત**
મૂળજીભાઈ પરમાર 'દધિ'

વૃત્તસંચય

● દુનિયાની સૌથી મોટી સંસ્કૃત યુનિવર્સિટી 'રાષ્ટ્રીય સંસ્કૃત સંસ્થાન' દ્વારા; ગુજરાત સાહિત્ય અકાદમીના ભૂતપૂર્વ અધ્યક્ષ માન. મુખ્યમંત્રીના ખાસ ફરજ પરના અધિકારી, સાહિત્ય મર્મજ્ઞ, કવિ અને ગાંધીનગર સાહિત્યસભાના સભ્ય, નિવૃત્ત આઈએ.એસ. ભાગ્યેશ જહાને 'વિશિષ્ટ સંસ્કૃત સેવાવ્રતી સન્માન'થી નવાજીને પોંખવાની જાહેરાત કરવામાં આવી છે. ૯મી ઓગસ્ટ-૨૦૧૭ના રોજ 'કોન્સ્ટીટ્યુશન કલબ' માં એક ખાસ સમારોહમાં રૂા. એકલાખની ધનરાશિ અને સન્માનપત્રથી સન્માનવામાં આવશે. મહાદેવના તથા ડૉ. અમ્બા કુલકર્ણી જેવા વિદ્વાનોને પ્રાપ્ત થયેલ છે.

જહા સાહિત્યકાર - કવિ છે અને તેમના ત્રણ કાવ્યસંગ્રહ, નિબંધ સંગ્રહ સહિત છ થી વધુ ઉમદા પુસ્તક કરી, હેમચંદ્રાચાર્યનો, કણ્વઋષિનો ઉપરાંત એકપાત્રીય અભિનય કરેલ છે. તેમને શરુ કરેલ સંસ્કૃતોત્સવ 'અષાઢસ્ય પ્રથમ દિવસે' સ્વર્ણિમ જયંતિમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની હાજરીમાં શરુ થયેલ. જહા દ્વારા પુનરોદ્ધાર પામેલ સંસ્કૃત ગરબા સમગ્ર દેશ-દુનિયાનાં એક આકર્ષણનું કેન્દ્ર બની સ્વીકૃતિ અને વિસ્તૃતિ પામ્યા છે.

ભાગ્યેશ જહાને મળતું આ સંસ્કૃત અન્વયેનું સેવાવ્રતી સન્માન એ ફક્ત ગાંધીનગર જ નહીં પરંતુ ગુજરાત માટે અને ગાંધીનગર સાહિત્ય સભા માટે એક ગૌરવપૂર્ણ બાબત ગણી શકાય. સાત મેડલોથી સન્માનિત અને વડોદરામાં રાજા કરણસિંહ દ્વારા ખાસ સન્માન પામેલા ભાગ્યેશ જહાને ખૂબ ખૂબ અભિનંદનસહ શુભકામનાઓ...

● શિક્ષણ, સાહિત્ય અને સમાજનો સહજ સમન્વય સાધતી 'ત્રિદલ' સંસ્થા દ્વારા, ગરવી માતૃભાષા ગુજરાતીનું ગૌરવ અને મહિમા કરવાના શુભ આશયથી; વર્ષ ૨૦૧૭ની ધોરણ-૧૦ અને ૧૨ની માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક પરીક્ષાઓમાં 'ગુજરાતી વિષય'માં ઉચ્ચ ગુણાંક પ્રાપ્ત કરનાર ગાંધીનગર જિલ્લાના પ્રથમ ત્રણ વિદ્યાર્થીઓનું તથા ગુજરાતી વિષય શીખવનાર શિક્ષકોનું તેમજ સંબંધિત શાળાનું જાહેર અભિવાદન નિવૃત્ત ભારતીય સનદી અધિકારી અને સાહિત્ય મર્મજ્ઞ તથા કટાર લેખક વસંતભાઈ ગઢવીના અધ્યક્ષસ્થાને અને ઉત્તમ શિક્ષકના રાષ્ટ્રીય એવોર્ડ વિજેતા વિદુષી ડૉ. વર્ષાબેન પારેખના મુખ્ય મહેમાનપદે, તા. ૫-૮-૨૦૧૭ને શનિવારના રોજ સવારે ૯.૩૦ વાગે, શ્રી બ્રહ્માણી કૃપા હોલ, ફાર્મસી કૉલેજ કમ્પાઉન્ડ, કડી સાર્વજનિક કેળવણી મંડળ કેમ્પસ, સેકટર-૨૩, ગાંધીનગર ખાતે યોજાનાર સમારંભમાં કરવામાં આવશે. આ કાર્યક્રમનું સંકલન અને સંચાલન જાણીતા સાહિત્યકાર પ્રજ્ઞાબેન પટેલ કરશે. આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા સંસ્થાના પ્રમુક ભાનુપ્રસાદ પુરાણીએ જાહેર આમંત્રણ પાઠવ્યું છે.

● નાગરિક સ્વાતંત્ર્ય અને માનવ અધિકારના લડવૈયા ચંદ્રકાન્ત દરૂની જન્મ શતાબ્દિ આ વર્ષે ઉજવાઈ રહી છે, તેઓની યાદમાં 'દરૂ એવોર્ડ' આપવામાં આવે છે. આ વર્ષે આ એવોર્ડ એનડીટીવીના એક્ઝિક્યુટિવ એડીટર રવીશ કુમારને તેઓના નિર્ભય પત્રકારત્વ માનરફતે જાહેર જીવનમાં લોકશાહીના મૂલ્યોના સ્થાપન અને સંવર્ધન અંગે અથાગ પ્રયત્નો માટે અપાનારા છે. આ એવોર્ડ અરુણ શૌરી, સ્વામી અગ્નિવેશ તથા ડૉ. અનિલ પટેલને અપાયેલ છે. આ એવોર્ડ રવીશકુમારને મુંબઈ હાઈકોર્ટના નિવૃત્ત ન્યાયમૂર્ત એચ. સુરેશના હસ્તે અને પ્રકાશ ન. શાહના અધ્યક્ષપદે તા. ૧૨-૮-૨૦૧૭ને શનિવારનાં રોજ ૫.૧૫ વાગ્યે, સેમિનાર હૉલ, અમદાવાદ મેનેજમેન્ટ એસોસિયેશન, અટીરા, ડૉ. વિક્રમ સારાભાઈ માર્ગ, અમદાવાદ ખાતે યોજાનારા સમારંભમાં આપવામાં આવશે. આ કાર્યક્રમમાં પ્રો. હેમંતકુમાર શાહ દ્વારા લિખિતિ 'સચ્ચાઈ ગુજરાત કી' પુસ્તકની ૨૦૧૭ની નવી આવૃત્તિ બહાર પાડવામાં આવશે તેમ; 'ચંદ્રકાન્ત દરૂ મેમોરિયલ ટ્રસ્ટ' ના ઠાકર અને 'દરૂ' જન્મ શતાબ્દિ સમિતિના અધ્યક્ષ ગીરીશભાઈ પટેલે જણાવ્યું હતું.

● ગ્રંથ ગોષ્ઠિ - વડોદરાના ઉપક્રમે, ભૂપેન્દ્ર વ્યાસ 'રંજ'ના અકાદમી પારિતોષિક વિજેતા નાટક 'શ્રવણ ભૂલો પડ્યો છે' વિશે જાણીતા નાટ્યવિદ્ સાહિત્યકાર ડૉ. મહેશ ચંપકલાલ દ્વારા અભ્યાસપૂર્ણ વકતવ્ય આપવામાં આવ્યું હતું. વક્તાનો પરિચય મોહનભાઈ બારોટે આપ્યો હતો. જયારે કલ્પનાબહેને શાબ્દિક સ્વાગત કર્યુંહતું. 'શ્રી રંજે' સર્જક પ્રતિભાવ આપતાં, પોતાની સર્જનયાત્રા વિશે જણાવ્યું હતું. અંતમાં શ્વેતા જોશીએ આભારવિધિ કરી હતી.

હરિજન કેળવણી મંડળ, વિસનગરના ઉપક્રમે મેનેજીંગ ટ્રસ્ટી અને જાણીતા કવિ, વિવેચક, વાર્તાકાર અને સમાજચિંતક બબલદાસ ચાવડા દ્વારા દલિત સમાજના વિવિધ ક્ષેત્રે પ્રદાન કરનાર ૧૪ મહાનુભાવોનું ચાંદીનું સ્મૃતિચિહ્ન આપીને સન્માન કરવામાં આવ્યું જેમાં સામાજિક ક્ષેત્રે, સંગીત ક્ષેત્રે, પત્રકારક્ષેત્રે, નાટ્યક્ષેત્રે, ચિત્રકલા ક્ષેત્રે અને સંસ્થાકીય ક્ષેત્રે મહત્ત્વનું યોગદાન આપનાર મહાનુભાવોનો આ સન્માનમાં સમાવેશ કરવામાં આવ્યો હતો.

સામાજિક ક્ષેત્રે છ પૈકી સંશોધક ડૉ. હસમુખ પરમાર, જાદુગર ચતુર ચૌહાણ; સાહિત્યક્ષેત્રે દલિત સાહિત્યકારો - લેખકો - ડૉ. મોહન પરમાર, ભી.ન. વણકર અને શંકર પેન્ટર તથા અન્ય ક્ષેત્રે જાણીતા સમાજચિંતક અને કલાકારોનું સન્માન કરવામાં આવેલ.

- muljibhaidadhi@gmail.com